# 1991ના દેશના આર્થિક સંકટમાંથી આપણે શું શીખી શકીએ?

નરસિમ્હા રાવ વડા પ્રધાન બન્યાના બે અઠવાડિયા બાદ જ દક્ષિણ મુંબઈના 'રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયા'ની તિજોરીમાંથી બંધ ગાડીઓમાં એક કાફલો રવાનો થયો. તેની ચારે બાજુ જડબેસલાક સુરક્ષા બંદોબસ્ત હતા. જાણે કોઈ સર્વોચ્ચ પદાધિકારીની સુરક્ષા હોય એ રીતે. લેખક વિનય સીતાપતીએ નરસિમ્હા રાવનું જીવનચરિત્ર 'હાફ લાયન : હાઉ નરસિમ્હા રાવ ટ્રાન્સફર્ડ ઈન્ડિયા'માં લખ્યું છે કે, 'આ ગાડીઓમાં 21 ટન સોનું મૂકવામાં આવ્યું હતું. આ કાફલો 35 કિલોમીટરના અંતરે સહારા એરપોર્ટ પર જઈને થોંભ્યો. જ્યાંથી તેને લઈ જવા માટે હેવી લિફ્ટ કારગો એયરલાઈન્સ વિમાન ઊભું હતું. આ સોનાને લંડન પહોંચાડીને 'બેંક ઑફ ઈંગ્લેન્ડ'ના તિજોરીમાં મૂકવામાં આવ્યું. તેના બદલામાં નરસિમ્હા રાવની તત્કાલિન સરકારને જે ડૉલર મળ્યા તેના કારણે ભારતે લીધેલી લોનની ચૂકવણી માટે થોડો વધુ સમય મળી ગયો.'

સરકારને જ્યારે એમ લાગી રહ્યું હતું કે આ મિશન સિક્રેટ રીતે પૂર્ણ થયું. પરંતુ 8 જુલાઈ 1991ના રોજ 'ઈન્ડિયન એક્સપ્રેસ'માં ઈન્વેસ્ટિગેટિવ પત્રકાર શંકર અય્યરની એક રિપોર્ટ પ્રથમ પાનાં પર મુખ્ય હેડલાઈન તરીકે પ્રકાશિત થાય છે. તેનું હેડિંગ છે : 'સિક્રેટ સેલ ઑફ ગોલ્ડ બાય આરબીઆઈ અગેઈન'. આ ખબરથી પૂરા દેશમાં ખળભળાટ મચે છે. મતલબ કે ગુપ્ત રીતે દેશની સર્વોચ્ચ બેન્ક 'રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયા' ફરી સોનું ગીરવે મૂક્યું. આ ઘટના બની તે વખતે વડા પ્રધાન નરસિમ્હારાવ હતા અને તે વખતે દેશનું રિઝર્વ ગોલ્ડને બે વિદેશી બેન્કોમાં ગીરવે મૂકવામાં આવ્યું હતું. સોનાના ટ્રાન્સફરની વાત ગુપ્ત રાખવામાં આવી હતી. પરંતુ 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના ઈન્વેસ્ટિગેટીવ પત્રકાર શંકર અય્યર આ બાતમી અખબાર સુધી લઈ આવ્યા અને દેશનું આર્થિક સંકટ કેટલું ગંભીર છે તે તેમણે સામાન્ય જન સુધી પહોંચાડ્યું. શંકર અય્યર તે પછી 'બીબીસી'ને એક ઈન્ટર્વ્યૂમાં પોતાના રિપોર્ટ વિશે એમ કહ્યું હતું કે, 'જ્યારે કોઈ એક પરિવાર પર મોટું આર્થિક સંકટ આવે છે ત્યારે અંતિમ પગલાં તરીકે પરિવાર પોતાનાં પરિવારની મહિલાઓનું સોનું ગિરવે મૂકે છે. . પત્રકાર શંકર અય્યર મુજબ 1988માં જ 'ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ' દ્વારા તત્કાલિન વડા પ્રધાન રાજીવ ગાંધીને કહેવામાં આવ્યું હતું કે ભારત દેશ આર્થિક સંકટ તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. તેનાથી બચવા માટે તમે લોન લઈ લો. રાજીવ ગાંધી પણ આ વાતથી સંમત્તિ ધરાવતા હતા, પરંતુ લોકસભાની ચૂંટણી સાવ નજીક હતી. તેમણે આ વાત પર ધ્યાન ન આપ્યું. ઉપરાંત તેમના પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પણ તેમ કરવા તૈયાર નહોતા.

હવે આ બધું જ બન્યું તેમાં તત્કાલિન રાજકીય અસ્થિરતા જવાબદાર હતી અને આખરે એ સ્થિતિ આવીને ઊભી રહી કે દેશ આર્થિક રીતે સાવ કંગાલ થવાની અણીએ આવીને ઊભો રહ્યો. આવું કેમ થયું? તેની શરૂઆતની વાત કરીએ તો જ્યારે દેશ આઝાદ થયો ત્યારે જ આપણે આર્થિક પડકારનો સામનો કરવાનો આવ્યો. દેશમાં ઉદ્યોગો નહોતા, રોજગારી નહોતી અને કોઈ માળખાકીય સુવિધા પણ નહોતી. આર્થિક સુધારની અનેક વાર જાહેરાત થઈ હતી, તેમ છતાં દેશના અર્થતંત્રની ગાડી પાટા પર ચઢી રહી નહોતી. સૌથી પહેલાં દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ તે માટે પાયાનું કામ કર્યું. તે પછી 1966 ઈન્દિરા ગાંધીએ પણ આર્થિક સુધાર માટે પ્રયાસ આદર્યા. જોકે સ્થિતિ ન સુધરી. 1984માં દેશને સૌથી યુવાન વડા પ્રધાન તરીકે રાજીવ ગાંધી મળ્યા. રાજીવ ગાંધીએ કેટલાંક નિર્ણયો લીધા. જેમ કે તેઓ કમ્પ્યૂટર અને કોમ્યુનિકેશન ક્રાંતિ લાવ્યા, પણ આર્થિક બાબતે તેમને પણ કોઈ ઠોસ સફળતા ન મળી. 1980ના અરસામાં આ પડકાર વધુ ઘેરા બન્યા. રાજીવ ગાંધીની હત્યા પછી દેશમાં રાજકીય સ્થિતિ અસ્થિર થવા માંડી હતી. દેશમાં બે વર્ષમાં બે વડા પ્રધાન આવ્યા. 343 દિવસ માટે વી. પી. સિંહ વડા પ્રધાન બન્યા અને તે પછી 223 દિવસ માટે ચંદ્રશેખર. આ રીતે રાજકીય રીતે દેશનું વાતાવરણ ડહોળવા લાગ્યું હતું અને તેની અસર અર્થતંત્ર પર પડી હતી. તે વખતે દેશ 'લાયસન્સ રાજ'થી ચાલતો હતો - મતલબ કે કોઈ પણ ચીજવસ્તુનું ઉત્પાદન કરવું હોય કે વેપાર કરવો હોય તો તેના પર સરકારના કડક અંકુશ હતા, જેથી દેશમાં કોઈ પણ વિદેશી કંપનીઓનું રોકાણ જલદીથી આવતું



**હાલમાં દેશની આર્થિક સ્થિતિ 1991ના આવેલા સંકટ કરતા ઘણી સારી છે. પરંતુ હવે સરકાર દ્વારા કોઈ ઠોસ પગલાં લેવા કરતાં સીધુ જ પ્રજાને સલાહ-સૂચન આપવાનો દોર વધ્યો છે**

નહીં. આમ દરેક સ્તરે દેશ આર્થિક પડકારોનો સામનો કરી રહ્યો હતો. દેશનું વિદેશી ભંડોળ માત્ર 3 અરબ ડૉલર બચ્યું હતું. આ કેટલું ઓછું કહેવાય તેનો અંદાજો લગાવવો હોય તો હાલના વિદેશી ભંડોળના રકમ જોઈ લેવી જોઈએ, જે અંદાજે 690 અરબ ડૉલરની આસપાસ છે.

આર્થિક મુદ્દે ભારતની સ્થિતિ એટલી ખરાબ થઈ ચૂકી હતી કે 'એનઆરઆઈ' પોતાનું રોકાણ દેશમાંથી પાછું લેવા માંડ્યા હતા. ભારતમાં નિકાસ કરનારને લાગતું હતું કે આપણે તેમનું ઉધાર ચૂકવી નહીં શકીએ.

મોંઘવારીએ માઝા મૂકી હતી. ઓઈલના ભાવ આસમાને પહોંચી ચૂક્યા હતા. તે વખતે સરકારે કેટલીક આયાત અટકાવવાની જાહેરાત કરી હતી. સરકારી ખર્ચ પણ કાપ મૂકાયો હતો. બેંકના વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો. આખરે 1991માં તો તત્કાલિન વડા પ્રધાન ચંદ્રશેખરે 20 ટન સોનું ગીરવે મૂક્યું પડ્યું હતું. ચંદ્રશેખરની સરકારમાં નાણાં મંત્રી રહેનારા યશવંત સિન્હાનું કહેવું હતું કે, 'જ્યારે તેઓ ડિસેમ્બર 1990માં નાણાં મંત્રી બન્યા તો તે સમયે દેશની વિદેશી ભંડોળ ઘટીને માત્ર બે અરબ ડૉલર રહી ગયું હતું. તેનો અર્થ એવો થયો કે દેશ પાસે એટલું જ વિદેશી ભંડોળ બચ્યું હતું જેનાથી બે અઠવાડિયાનું આયાતનું બિલ આપણે ભરી શકીએ.'

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

આર્થિક રીતે જ્યારે દેશ ખાડે જઈ રહ્યો હતો ત્યારે બે વધુ ધક્કા દેશના અર્થતંત્રને લાગ્યા. પહેલું તો ખાડી દેશમાં યુદ્ધ ફાટી નીકળ્યું. ઈરાન-ઈરાક વચ્ચેના યુદ્ધથી ક્રૂડ ઓઈલના ભાવ એટલા વધ્યા કે તે મેળવવા માટે આપણે ટૂંકાગાળામાં જ બમણાં નાણાં ચૂકવવાના થવા લાગ્યા. તેથી આપણું આર્થિક ગણિત બગડી ગયું. ઉપરાંત આ જ ગાળામાં આપણો સૌથી મજબૂત મિત્ર દેશ રશિયાના ભાગલા પડી ગયા. આ તમામ સંકટ વચ્ચે વડા પ્રધાન નરસિમ્હા રાવ અને નાણામંત્રી મનમોહન સિંહ ઉપરાંત તેમની ટીમે જે રીતે કામ કર્યું, તેથી દેશની આર્થિક સુધરી અને આર્થિક સંકટ કાયમ માટે દૂર થયું. તે વખતે જે પગલાં લીધા તે કયા હતા? તો એવું કહેવાય છે કે તેની શરૂઆત 24 જુલાઈ 1991ના રોજ થઈ હતી. તે દિવસ ભારતના આર્થિક આઝાદીનો દિવસ હતો. આ દિવસે દેશની તત્કાલિન નાણામંત્રી મનમોહન સિંહ બજેટ રજૂ કરીને સૌને ચોંકાવી દીધા. કંપનીઓને અનેક પ્રતિબંધોથી મુક્ત કરી દેવામાં આવી. સ્થાનિક બજારમાં સ્પર્ધાત્મક વાતાવરણ બને તે માટે જાહેરાત કરવામાં આવી. બજેટમાં વિદેશી રોકાણકારો માટેના દરવાજા ખોલી દેવામાં આવ્યા, સોફ્ટવેર નિકાસ માટે કરમાં રાહત આપવામાં આવી. 1991ના અગાઉ કોઈ પણ વડા પ્રધાન કે નાણાં મંત્રી આ નિર્ણય લઈ શક્યા નહોતા. તે નિર્ણય વડા પ્રધાન નરસિમ્હા રાવ અને નાણાંમંત્રી મનમોહન સિંહ હતા તે સમયે લેવાયો. બજેટમાં રજૂ કરતી વેળાએ મનમોહન સિંહે ફ્રાન્સના ચિંતક વિક્ટર હ્યૂગોના શબ્દો ટાંકતા સંસદમાં કહ્યું હતું કે, 'પૃથ્વી પર કોઈ પણ શક્તિ તે વિચારને નથી રોકી શકતી, જેનો સમય આવી ચૂક્યો હોય.' અને એવું નથી કે તે મુશ્કેલીના સમયમાં આ બધું કરવું સરળ હતું. ઉદારીકરણના પગલાં લેવા માટે તે વખતે અનેક વાર મનમોહન સિંહની ટીકા થઈ. ડાબેરી નેતાઓ અવારનવાર મનમોહન સિંહની ટીકા કરતા, પણ તે સમયે પણ વડા પ્રધાન નરસિમ્હા રાવ તેમની પડખે રહ્યા.

તે વિશે ખુદ નરસિમ્હા રાવ અનેક વર્ષો પછી એક ઈન્ટર્વ્યૂમાં કહ્યું હતું કે, 'ડૉક્ટર મનમોહન સિંહે આર્થિક સુધારને આગળ વધારવા અથાક પ્રયાસ કર્યા, તેમની પડખે હું કાયમ ઊભો રહ્યો.'

હાલમાં દેશની આર્થિક સ્થિતિ 1991ના આવેલા સંકટ કરતા ઘણી સારી છે.

પરંતુ હવે સરકાર દ્વારા કોઈ ઠોસ પગલાં લેવા કરતાં સીધુ જ પ્રજાને સલાહ-સૂચન આપવાનો દોર વધ્યો છે. ખરેખર તો નીતિ એ રીતે ઘડાવી જોઈએ જેથી પૂરી વ્યવસ્થા જડબેસલાક થાય. આવું થાય તે માટે ફરી નરસિમ્હારાવ-મનમોહનસિંહ જેવા આર્થિક દિર્ઘદષ્ટાની રાહ જોવી રહી.

# દિલ-દિમાગની બત્તી ગુલ: ઐસા ભી હોતા હૈ?



**ટાઈટલ્સ:**
**આખરે એટલું સમજાય છે કે ઘણું સમજાતું નથી.**
**(છેલવાણી)**

આપણે ઈલેક્ટ્રિસિટી જોઇ નથી, પણ છે. આપણે ગુરૂત્વાકર્ષણને જોયું નથી, પણ છે. આપણે આત્માને શરીરથી બહાર કાઢીને કદી જોયો નથી, પણ આપણો આત્મા, એ વાત નહીં માને અને લગભગ આવું લોજિક કે તર્ક તુર્રમખાં આસ્તિકો ઈશ્વરના અસ્તિત્વ માટે પણ કહે છે. આપણે અદ્રશ્ય સર્વવ્યાપી ભગવાન વિશેની ચર્ચાના ચકડોળમાં નહીં બેસીએ પણ ક્યારેક લાઈટ મૂડમાં અમસ્તો સવાલ થાય કે ઈશ્વર પાસે આપણાં બધાં વિશે પાપ-પુણ્યનું રજેરજનું એકાઉન્ટ હશે? જો કે જ્ઞાનીઓ કહે છે કે 'પૂરાવાનો અભાવ, એ અભાવનો પૂરાવો નથી!' એટલે હોઇ પણ શકે કે ના પણ હોય.

એ જ રીતે આ જાલિમ જગતમાં પ્રેમ, પરમાત્મા કે પોલિટિક્સની જેમ ના સમજાય એવી ઘણી ઘટના બનતી હોય છે, જે દિમાગની બત્તી ગુલ કરી નાખે છે. એમાં અમે શંકા-કુશંકાના સાગરમાં ગોથાં ખાતાં ખાતાં ખોપડી ખંજવાળીએ છીએ.

કારણ? કારણ કે એક દાદુ દાખલો છે:

ન્યૂયોર્કની કેથેલીન મેકકોઈનના જીવનમાં એવી એવી અજીબ ઘટનાઓ ઘટી છે કે તમે મોંમાં આંગળા જ નહીં પણ આખે આખો હાથ નાખી દેશો એની ગેરેંટી. કેથેલીન 9 વર્ષની હતી ત્યારે સ્કૂલમાં વિદ્યાર્થીઓને હડસન નદીમાં બોટના પ્રવાસે લઈ જવાયા. બોટ, નદીની વચ્ચે પહોંચી કે એમાં આગ લાગી. બાળકો ચીસાચીસ કરવા માંડ્યા પણ ત્યારે કેથેલીને લાકડાંનો તરાપો જોયો ને એને બાથમાં લઈને નદીમાં કૂદી ગઈ. થોડીવારે બાળકોને બચાવવા માટે હોડીઓ આવી પણ ત્યાં સુધીમાં બધાં બાળકો મરી ગયેલા. એકમાત્ર કેથેલીન બચી ગઈ!

આ ઘટનાનાં 2 વર્ષ પછી કેથેલીન બસમાં પ્રવાસ કરતી હતી. અચાનક બસનું ટાયર ફાટી જતાં બસ ઉથલીને ખાડામાં પડી. કેથેલીને ગભરાયા વગર બારીનો કાચ તોડી નાખ્યોને બહાર કૂદી ગઈ ને પછી તરત જ બસમાં આગ લાગી. કેથેલીન સિવાયના બધાં મુસાફરો સળગીને મરી ગયાં!

**મિજાજ મસ્તી**
**સંજય છેલ**

પછી 1954માં કેથેલીન પ્લેનમાં મુસાફરી કરતી હતી. અચાનક વિમાનના એજિંનમાં ગડબડ થઈ. પાઈલટે પ્લેનને નીચે ઊતારવાનો પ્રયત્ન કર્યો પણ વિમાન નીચે ઊતરે તે પહેલાં જ એમાં આગ લાગી ગઈ. કેથેલીન ગંભીર રીતે દાઝી ગઈ પણ તોયે બચી ગઈ અને ઓફકોર્સ, વન્સ અગેઈન અન્ય મુસાફરો મરી ગયા. વેઈટ, હજી ઘણાં ઝટકા બાકી છે. વિમાની ઘટનાનાં 5 વર્ષ પછી 1959માં કેથેલીન રેલ્વે મુસાફરી દરમ્યાન ટ્રેનના છેલ્લા ડબ્બામાં બેઠી હતી. રાત્રે કેથેલીન સૂતી હતી ને અચાનક પાછળથી બીજી ટ્રેનનું એજિંન, કેથેલીન જે ડબ્બામાં બેઠી હતી એની સાથે અથડાયું. ડબ્બાના ભૂક્કા થઈ ગયા. ડબ્બાના બધાં મુસાફરો મરી ગયા પણ કેથેલીન ફરીથી બચી ગઈ!

**ઈંટરવલ:**
**ચીંટી કે પગ નૂપુર બાજે**
**સો ભી સાહિબ સુનતા હૈ! (સંત કબીર.)**

હજી અચંબા બાકી છે! 1963માં કેથેલીન, જ્યોર્જિયાની એક હોટેલમાં રજા માણવા ગયેલી ને પાસેના પહાડ પરથી એક મસમોટો પથ્થર ગબડીને હોટલ પર પડ્યો. પથ્થર, હોટેલના જે ભાગ પર પડ્યો ત્યાં 5 લોકો દટાઈને મરી ગયા, પણ એ પથ્થર પડ્યો એની એક જ સેકન્ડ પહેલાં જ કેથલીન ઊઠીને બહાર નીકળી ગઇ હતી! માન ગયે ના? અબ દિલ થામ કે આગે પઢો. એક વખત કેથેલીન કારમાં ઘરે આવતી હતી ત્યારે કારનો એક્સિડન્ટ થયો. ડ્રાઈવર અને ગાડીમાંનાં 6 લોકો ખતમ થઇ ગયા અને એ સૌમાંથી એકમાત્ર કેથેલીન બચી ગઈ! કેથેલીનની કુંડળી કોઇ જ્યોતિષને મળે તો એ જ કહી શકે કે- ઐસા ભી હોતા હૈ?

વળી એ જ કેથેલીન, 1968માં મિત્રો સાથે હોટેલમાં ડિનર કરવા ગયેલી. ડિનર પિરસવામાં આવ્યું, જે વાસી હતું. એ વાનગીને ખાનારાં બાકી બધાં ફૂડ પોઇઝનથી મરી ગયાં પણ કેથેલીનને કશું જ થયું નહિં! ડૉક્ટરોએ કેથેલીનના પેટની તપાસ કરી તો ચોંકી ગયા, જેમ તમને પણ આ બધું વાંચીને હાતિમતાઈનાં અજીબ કિસ્સાઓ જેવું જ લાગતું હશે. લેકિન, કિંતુ, પરંતુ, ઈફ, બટકેથેલીન સાથે બનેલી આકસ્મિક ઘટનાઓ પરથી લાગી શકે કે કોઇક અદ્રશ્ય શક્તિ હશે જે એને સતત બચાવતી હતી. વેલ, એવું ખરેખર હશે જે 'અપુન' કે 'તપુન' કી સમઝ કે બાહર હૈ?

**એ જ રીતે આ જાલિમ જગતમાં પ્રેમ, પરમાત્મા કે પોલિટિક્સની જેમ ના સમજાય એવી ઘણી ઘટના બનતી હોય છે, જે દિમાગની બત્તી ગુલ કરી નાખે છે. એમાં અમે શંકા-કુશંકાના સાગરમાં ગોથાં ખાતાં ખાતાં ખોપડી ખંજવાળીએ છીએ**

કેથલીનને છોડો, પણ ફ્રાન્સમાં 18 મહિનાની રીનીને 8-10 ગુંડાઓ કિડનેપ કરીને લઈ ગયા. રીનીના મા-બાપને ગુંડાઓએ ફોન કરીને કહ્યું, "જો પૈસા નહીં આપો તો રીનીને દરિયામાં ફેંકી દઈશું." ગુંડાઓ રીનીને વહાણમાં બેસાડીને દરિયાની વચ્ચે લઈ ગયા ને પૈસા આવવાની રાહ જોતા હતા. એવામાં દરિયામાં તોફાન આવ્યું, વહાણ ડૂબી ગયું ને ગુંડાઓ પાણીમાં ડૂબી ગયા. રીની એક લાકડાના પાટીયાને વળગી રહીને પછી થાકીને સૂઈ ગઈ. પાટીયું તરતાં તરતાં ફ્રાન્સના જ દરિયા કિનારે પહોંચ્યું. કિનારા પર માછીમારોએ પોલીસને જાણ કરી. પછી પોલિસે રીનીને એના માતા-પિતાને સોંપી દીધી.

આપણે આ ઘટનાને માત્ર સંજોગ માની લઈએ તો યે આપણાં લોજિકલ મનડાંનું સમાધાન તો થતું નથી જ. દરિયામાં એ જ વખતે તોફાનનું આવવું કે જ્યારે રીની ગુંડાઓની પકડમાં હતી ને એમાં માત્ર ગુંડાઓ જ ડૂબી જાય અને 18 મહિનાની રીની કિનારા સુધી પહોંચી ત્યાં સુધી પાટીયા પર કઇ રીતે સૂતી રહી? આ બધું ઈત્તેફાક કે યોગાનુયોગ કે કોઈંસિડેંસ હશે? ખબર નહીં. અમને તો સંડે મૂડમાં સવાલ થાય કે ઈશ્વર, સંડે મનાવતા હશે કે પછી વીક-ડેમાં કદીક પેલી કેથેલીન કે રીનીની જેમ અમારા-તમારા તરફ પણ એકવાર નેહભરી નજર નાખશે?

**એન્ડ-ટાઈટલ્સ:**
**આદમ:** તું ચમત્કારમાં માને છે?
**ઈવ:** લગ્ન પછી તો નહીં જ.

# વારંવાર પોતાની યોગ્યતા સાબિત કરતો ભુવનેશ્વર કુમાર બદલાવના યુગમાં પણ ટકી રહ્યો છે

ભુવનેશ્વર કુમારે છેલ્લી ઓવરમાં છગ્ગો ફટકારીને આરસીબીને મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચ જીતવામાં મદદ કરી. મેચ પછી રાયપુરમાં વિવિધ પાસાઓ આવરી પર તેણે વાતો કરી હતી. ભુવનેશ્વર હાલમાં પ્રભાવશાળી ફોર્મમાં છે. તે 21 વિકેટ સાથે પર્પલ કેપ ધરાવે છે. આ તેની ચોથી સીઝન છે જેમાં તેણે 20 થી વધુ વિકેટ લીધી છે. ફક્ત યુઝવેન્દ્ર ચહલે જ આ સિદ્ધિ વધુ વખત મેળવી છે. તે IPLમાં 200 વિકેટ પણ પૂર્ણ કરનાર પ્રથમ ઝડપી બોલર બન્યો છે. ડેથ ઓવરમાં તેનો 7.8નો ઈકોનોમી રેટ શ્રેષ્ઠ છે, જ્યારે પાવરપ્લેમાં તેની 12 વિકેટ બીજા ક્રમે છે. તેણે આ સીઝનમાં આરસીબીની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ભુવનેશ્વરના મતે, તેણે બધું બદલ્યું નથી. તે સતત તેના દિનચર્યા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેના કારણે તે આ યુગમાં ટકી શક્યો છે જ્યાં તેના જેવા બોલરો પાછળ રહી જાય છે.

**ખેલખેલમેં**

ભુવી અત્યારે જે ફોર્મમાં છે, તેને કોઈએ ભૂલથી કહ્યું ન હોત કે તેને ઘણું સાબિત કરવાનું છે. જોકે, ભુવી બાબતોને તે રીતે જોતો નથી. તેણે કહ્યું કહ્યું કે ઘણી બાબતો સ્વીકારવી ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ એકવાર તમે તેને શાંતિથી સ્વીકારવાનું શીખી લો, પછી તમે અલગ રીતે વિચારવાનું શરૂ કરો છો. જે દિવસે મને ભારતીય ટીમમાંથી બહાર કરવામાં આવ્યો, તે દિવસે હું ખૂબ જ હળવાશ અનુભવતો હતો. હું એક દાયકા સુધી ટીમ માટે રમ્યો હતો અને બધું જોયું હતું. તેથી જ મારા માટે તે બાબતો પરથી મારું ધ્યાન હટાવવું સરળ હતું. ભુવનેશ્વરે ભારત માટે છેલ્લી T20I રમ્યાને ચાર વર્ષ થઈ ગયા છે, અને તે પહેલાથી જ ટેસ્ટ ટીમની બહાર છે. તેણે દરેક પ્રશ્ન ધ્યાનથી સાંભળ્યો અને પછી તેનો વિગતવાર જવાબ આપ્યો. જોકે, તે ક્યારેક ક્યારેક એક-લાઈનર પણ ફેંકી દેતો. આ બતાવે છે કે તે કેટલો શાંત છે. પરંતુ તે સ્પષ્ટપણે દર્શાવે છે કે 36 વર્ષની ઉંમરે, ભુવનેશ્વરને તેના શરીર પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. તેનું કેલેન્ડર ઘણું સરળ છે. તે તેના શરીરને તાણ આપ્યા વિના રમતમાં સામેલ રહી શકે છે. જોકે, સરળ સમયપત્રકથી તેના કાર્યભાર ઓછો થયો નથી. તે કહે છે કે તે હવે વધુ શિસ્તબદ્ધ બની ગયો છે.

ભુવી કહે છે કે તે કદાચ વિચિત્ર લાગે, પણ જ્યારે તમે થાકેલા હોવ અને બહાર જવા માંગતા ન હોવ, તો પણ તમારે જવું પડશે. એ શિસ્ત છે. જો તમે વારંવાર આવું કરશો, તો તે તમારી અંદર તે ભૂખ પેદા કરશે. જો તમે કંઈક પ્રાપ્ત કરવા માંગતા હો, તો તમારે શારીરિક અને માનસિક રીતે પરિપક્વ બનવું પડશે. જ્યારે તમે દરરોજ તમારી દિનચર્યાનું પાલન કરો છો, ત્યારે તે સુસંગતતા મેદાન પર પણ સ્પષ્ટપણે દેખાય છે. તે વધુમાં કહે છે કે ચાર વર્ષથી આ મારો નિત્યક્રમ રહ્યો છે, ખાસ કરીને જ્યારે હું હવે ભારતીય ટીમનો ભાગ નથી. હું સતત તાલીમ, જીમિંગ, પ્રેક્ટિસ અને ગ્રાઉન્ડ વર્ક કરું છું. હું વારંવાર એક જ વાતનું પુનરાવર્તન કરું છું. હું ફક્ત IPL, UPT20 અને સૈયદ મુશ્તાક અલી T20 રમું છું. રમત સાથે જોડાયેલા રહેવા માટે આ પૂરતું ક્રિકેટ છે, અને મને મારી જાતને સંપૂર્ણપણે તાજગી આપવા અને યોગ્ય રીતે તાલીમ આપવા માટે પૂરતો સમય પણ મળે છે. 36 વર્ષની ઉંમરે, તે થોડું મુશ્કેલ બની જાય છે. જ્યારે તમે નાના હોવ ત્યારે કરતાં રિકવરી વધુ સમય લે છે. જો કે, છેલ્લા કેટલાક વર્ષોમાં, મને પહેલા કરતાં તાલીમ માટે વધુ સમય મળ્યો છે. કસરતો મોટાભાગે સમાન છે, પરંતુ તેમની આવર્તન વધી છે. હું વધુ વજન અને વધુ કામ પર ધ્યાન કેન્દ્રિત કરું છું. અમારા ટ્રેનર (શંકર) બાસુ સર મને શું કરવું તે અંગે માહિતી આપતા રહે છે. મારી પાસે ઘરે એક ટ્રેનર પણ છે. તે બંને વર્ષભર મારી સાથે કામ કરે છે."



ભુવનેશ્વર કુમાર આજના T20 ક્રિકેટમાં જરૂરી કૌશલ્ય પોતાની બોલિંગમાં ઉમેરતો રહે છે. ઉદાહરણ તરીકે, રવિવારે તેણે રોહિત શર્માને ફેંકેલો નોકલ બોલ માસ્ટર કરવા માટે ઘણી પ્રેક્ટિસની જરૂર પડે છે. ખાસ કરીને એવા બોલર માટે જે અગાઉ ફક્ત સ્વિંગ બોલર તરીકે ઓળખાતો હતો. આ અંગે ભુવનેશ્વરે કહ્યું કે આજે બેટ્સમેન જે રીતે તમારા પર હુમલો કરે છે તે 10 વર્ષ પહેલા કરતા ઘણું અલગ છે. T20 ક્રિકેટમાં ઘણો વિકાસ થયો છે.

ત્રણ-ચાર વર્ષ પહેલા પણ જો તમે 200 રન બનાવતા હતા, તો એવું લાગતું હતું કે તમે તેનો બચાવ કરી શકો છો. જોકે, આજના સમયમાં જ્યારે તમે 200 રન બનાવો છો, ત્યારે એવું લાગે છે કે ફક્ત 200 રન જ બન્યા છે. બેટ્સમેન કંઈક અલગ કરે છે અને બોલરો પણ એ જ રીતે જવાબ આપે છે. મેં આ વાત સ્વીકારી લીધી છે. હવે મને તેનાથી કોઈ વાંધો નથી. પહેલા જો હું 40 રન આપતો હતો, તો ખરાબ દિવસ લાગતો હતો. જો તમે આજે 40 રન આપો છો, તો પણ કહી શકાય કે સારી બોલિંગ થઈ છે."

ભુવનેશ્વરના મતે, જો તેણે આટલી બધી વિકેટો ન લીધી હોત, તો કદાચ તેના ઈકોનોમી રેટ વિશે આટલી બધી ચર્ચા ન થઈ હોત. તે કહે છે કે તેનાથી ઘણો ફરક પડે છે. વિકેટ લેવાથી સ્થિતિ સારી લાગે છે, તેણે કહ્યું. જ્યારે તમે વિકેટો લો છો, ત્યારે બેટ્સમેનોને ઓછા બોલમાં સ્થિર થવા મળે છે. તેનાથી તમને વિરોધી ટીમને રોકવાની સારી તક મળે છે. હવે જ્યારે 200 રનનો પીછો સરળતાથી કરી શકાય છે, ત્યારે વિકેટોમાં સતત સુધારો રાખવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભુવનેશ્વર ઉપરાંત, RCB ના બીજા બોલર, જોશ હેઝલવુડે પણ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. આ બંને બોલરો ખૂબ જ અલગ છે, પરંતુ સાથે મળીને તેમણે RCB ને આત્મવિશ્વાસ આપ્યો છે.

**ભુવનેશ્વર કુમાર ચાર વર્ષથી ભારતીય ટીમની બહાર હોવા છતાં, તેણે આધુનિક T20 માં બોલિંગ કરવા પોતાને તૈયાર કરવા માટે ઘણું કર્યું છે અને ખાસ તો તેણે પોતાની દિનચર્યા પર વિશેષ ધ્યાન આપ્યું છે**